# રાણપુર તીર્થના લેખો.

આરસણના લેખો પછી રાણપુરતીર્થના લેખો આવે છે. રાણપુર, ગોડવાડની મ્હોટી પંચતીર્થીમાંનું મુખ્ય તીર્થ છે. મારવાડ દેશમાં જેટલાં પ્રાચીન જૈન મંદિરો છે તેમાં રાણપુરનું મંદિર સૌથી મ્હોટું, કિમતી અને કારીગરીને દૃષ્ટિએ અનુપમ છે. એ મંદિર કયારે અને કોણે બંધાવ્યું એ ઘણાજ થોડા જૈનો જાણે છે. આર્કિ-ઑલોજીકલ સર્વે ઑફ ઇન્ડિઆના સન ૧૯૦૭–૦૮ ના એન્યુઅલ રીપોર્ટમાં શ્રીયુકત ડી. આ. ભાંડારકર એમ. એ; એ મંદિરના વિષયમાં એક વિસ્તૃત લેખ લખેલો છે. તેમાં એ મંદિરના બંધાવનાર ધરણા-શાહનો ઇતિહાસ અને શિલ્પની દૃષ્ટિએ મંદિરનું વિસ્તૃત વર્ણન આપ્યું છે. એ વર્ણન આ લેખો વાંચનારને ખાસ ઉપયોગી હોવાથી, તે સંપૂર્ણ અત્ર આપવામાં આવે છે.

જોધપુર રાજ્યના ગોડવાડ પ્રાંતના દેસૂરી જીલ્લામાં રાણપુર નામે એક સ્થાન આવેલું છે. તે સાદડીથી ૭ માઇલ દૂર છે અને હાલમાં ઉજ્જડ છે. તે આડાબલા * (અરવલી) ની પશ્ચિમ બાજુની ખીણમાં આવેલું છે અને મારવાડમાં તે સૌથી સુંદર સ્થળ છે. અહીંઆં કેટલાંક દેવાલયો છે તેમાંનું એક પહેલા તીર્થંકર આદિનાથનું ચોમુખ દેવાલય મુખ્ય છે. અને આને લીધે જૈન લોકો તેને મારવાડનાં પંચ તીર્થોમાંનું એક તીર્થ ગણે છે; તથા,

* મારવાડ તથા મેવાડની વચ્ચે આવેલી પર્વતોની હારને આડાબલા કહે છે. અને આજ નામને ટૉડે (Tod) અરવલી કહ્યું છે. આવો દોષયુક્ત ઉચ્ચાર ટૉડનાં પુસ્તકો વાંચનારાજ કરે છે એમ નથી પરંતુ રાજપુતાનાના લોકો પણ તેમની ભાષામાં અરવલી એમ કહે છે અને 'આડાબલા' એ શબ્દ જાણતા પણ નથી. આડાબલા=આડા (આંતરો) + વળા અગર વળી (પર્વત). એટલે કે મારવાડ અને મેવાડ વચ્ચેનો આંતરો કરનાર પર્વત (પ્રોગ્રેસ રિપોર્ટ, આર્કીઑલૉજીકલ સર્વે વેસ્ટર્ન સરકલ, ૧૯૦૭–૮. પા. ૪૭–૪૮).

૨૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે દેવાલયને એટલું બધું પવિત્ર ગણવામાં આવે છે કે તેને રાણુપુરજી કહે છે. ત્યાં હમેશાં જાત્રાળુઓ આવ્યા જાય છે, જેમાં ઘણાખરા ગુજરાત અને પશ્ચિમ રાજપુતાના તથા પંજાબના પણ હોય છે.

પહેલાં, શત્રુંજયની માફક રાણપુર અને બીજાં સ્થળોનાં જૈન દેવાલયોની દેખરેખ પણ હેમાભાઈ હઠીસિંગ રાખતા હતા. જ્યારે તેમની સ્થિતિ નબળી પડી ગઈ ત્યારે સાદડીના મહાજનો તે દેવાલયોની દેખરેખ રાખવા લાગ્યા, પરંતુ તેમાં ઘણી અવ્યવસ્થા થવાથી તેમની દેખરેખ આનન્દજી કલ્યાણજી ને સોંપવામાં આવી; આ નામ અમદાવાદમાં સ્થપાએલી હિંદુસ્થાનના જૈન લોકોની સમાજને આપવામાં આવેલું છે. આનન્દજી કલ્યાણજીનો એક એજન્ટ સાદડીમાં રહે છે અને તેને રાણુપુરજીના કારખાનાનો મુનીમ કહે છે. આ કારખાનાનું કામ રાણુપુર, સાદડી, માદ્દા અને રાજપુરાનાં જૈન દેવાલયોની દેખરેખ રાખવાનું છે.

જ્યારે હું રાણુપુર ગયો હતો ત્યારે તે એજન્ટ મને મળવા આવ્યો હતો. તેણે મને ચોમુખ દેવાલયના જુદા જુદા ભાગ દેખાડયા અને ભાંગેલાં ઓતરંગ વિગેરે બતાવ્યાં અને તે મજબુત શી રીતે બનાવવાં તે વિષે મારો અભિપ્રાય પૂછયો. તેને તથા તેના સોમપુરા* ને ૧૯૦૬ નો અમારો પ્રોગ્રેસ રીપોર્ટ દેખાડયો જેમાં ભાંગેલા પાટડાને આધાર આપવાને બતાવેલી યુક્તિઓ હતી. પણ આથી તે લોકોને સંતોષ થયો નહિ. અને તેમણે કહ્યું કે આનન્દજી કલ્યાણજીએ ૨૦૦૦૦ રૂ. નક્કી કર્યા છે તેથી તે ઓતરંગો નવી કરવી જોઇએ.

* સલાટનો ધંધો કરનારા બ્રાહ્મણોની એક જાતનું નામ સોમપુરા છે. આવું નામ પડવાનું કારણ એમ કહેવાય છે કે, તે જાતિના મૂળ સ્થાપકનો જન્મ સોમવારે થયો હતો તથા તે સોમનાથ મહાદેવ ( પ્રભાસપાટણ )ના દેવાલયનો બાંધનાર હતો. આ દંતકથા પ્રમાણે, સિદ્ધરાજ જયસિંહે તેમને ગુજરાતમાં આશ્રય આપ્યો, કારણ કે ત્યાં ઘણાં દેવાલયો બંધાતાં હતાં. ત્યાંથી તેમને દેવાલયો બાંધવા માટે આબુ ઉપર લઇ ગયા અને ત્યાંથી તેઓ ગોડવાડમાં પ્રસર્યા. રાજપુતાનામાં સોમપુરાની એકજ જાત છે કે જેમની પાસે જુના હસ્તલેખો છે તથા જેઓ હસ્તલેખો વિષે કાંઇક જાણે છે. આમાંના બે ઘણાજ બુદ્ધિશાળી જણાયા છે. એકતો નન્ના ખુમ્મા જે મને રાણુપુરમાં મળ્યો હતો અને જેને આ દેવાલયનું સમારકામ સોંપવામાં આવ્યું હતું; બીજો કેવળરામ જે વિદ્વત્તા માટે પ્રખ્યાત છે. તે બાલીપ્રાંતના કોસિલાવનો રહેવાસી છે, પણ તે મને જાલોર પ્રાંતના આહોરમા મળ્યો હતો. ત્યાં દેવાલયોનો પુનરૂદ્ધાર કરવા માટે વાણીઆએ તેને રોકયો હતો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ દેવાલયના બાંધનાર વિષે તથા તે બાંધવાની રીતે વિષે નીચે પ્રમાણેની હકીકત ત્યાં કહેવાય છે. ધન્ના અને રત્ના નામના બે ભાઇઓ પોરવાડ જાતના હોઈ સિરોહી સ્ટેટના નાન્દિયા ગામના રહેવાસી હતા. કોઇક મુસલમાન બાદશાહનો પુત્ર જેને પોતાના બાપ સાથે દ્વેષ હતો તે રાજપુતાનામાં થઇને જતો હતો. આ બન્ને ભાઇઓએ તેનો ક્રોધ શાંત કર્યો અને પોતાના પિતાને ત્યાં જવા માટે આજીજી કરી. આથી બાદશાહ એટલો બધો ખુશ થયો કે તેણે તે બન્ને ભાઇઓને પોતાની પાસે રાખ્યા. પરંતુ, થોડાક વખત પછી તેમના વિષે કેટલીક અફવાઓ ઉડવાથી તેમને કેદ કરવામાં આવ્યા. બાદશાહે ૮૪ જાતના સિક્કાનો દંડ કર્યો * અને તેમને છોડી મુકયા. આ બે ભાઇઓ પોતાને દેશ આવ્યા પણ પોતાનું ગામ નાન્દીયા છોડી દઇને ટેકરી ઉપર આવેલા પાલગડ ( રાણપુરથી દક્ષિણે ) રહ્યા. તેઓએ માદડીમાં એક દેવાલય બાંધ્યું જેને રાણપુર કહેતા કારણ કે દેવાલયની બધી જગ્યા રાણા કુંભા પાસેથી તેઓએ ખરીદી હતી. વળી તે જગ્યા એવી શરતે આપવામાં આવી હતી કે તેનું નામ કુંભારાણાના નામ ઉપરથી પાડવું. 'રાણ' એ ' રાણા ' નું ટુંકું રૂપ છે અને ' પૂર ' એ ' પોરવાડ ' નું ટુંકું રૂપ છે. એક રાત્રે ધન્નાએ સ્વપ્નમાં માલગડમાં એક વિમાન દેખ્યું તેથી તેણે કેટલાક સોમપુરાને બોલાવ્યા, અને તે વિમાનનું વર્ણન કર્યું તથા તેનો પ્લાન બનાવવા તેમને કહ્યું. તેમાં મુંડાડાના રહેવાસી દીપા નામના સોમપુરાનો પ્લાન પસંદ કરવામાં આવ્યો. કારણ કે તેણે સ્વપ્નમાં જોએલા વિમાનની બરાબર નકલ ઉતારી હતી- જ્યારે માદડી ઉજ્જડ થયું ત્યારે ઉત્તરમાં છ માઇલ દૂર આવેલા સાદડીમાં લોકો આવી વસ્યા. ધન્ના, તેનો ભાઈ રત્ના, અને રત્નાનું કુટુંબ આ બધાં પાલગડથી સાદડીમાં આવી રહ્યા અને ત્યાંથી થોડા વખતમાં ઘ્રાણેરાવમાં ગયાં. ઘ્રાણેરાવમાં મને એક નથમલ્લજી શાહ મળ્યો જે કહે છે કે હું ચૌદમી પેઢીએ રત્નાના વંશનો છું. ધન્નાના વંશમાં કોઇ નથી કારણ કે તે પુત્રહીન મરણ પામ્યો હતો. નથમલ્લજીએ મને કહ્યું કે રાણપુરના દેવા-

*—આ ઉપરથી જણાય છે કે ધન્ના અને રત્ના શાહ હતા. શાહ એટલે સાધુ; અને આ નામો પૈસાદારોનાં નામો સાથે આવતાં એમ લેખો ઉપરથી જણાય છે ( જેમકે, વિમલ શાહ, સાધુગુણરાજ, વિગેરે ) મોનીઅર વીલીયમ્સના કોષમાં સાધુનો અર્થ વેપારી, ધીરધાર કરનાર એમ આપ્યો છે. અને તે અર્થ અહીં બરાબર બેસે છે. વળી શાહ અને સાધુ તથા શાહુકાર એકજ છે. લૌકિક માન્યતા પ્રમાણે જ્યારે વેપારીના પાસે ૮૪ જાતના સિકકા હોય ત્યારે તેને શાહ અગર શાહુકાર કહે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લયમાં મૂળ સાત માળ કરવાના હતા જેમાંના માત્ર ચાર કરવામાં આવ્યા હતા; અને આ દેવાલય અધુરૂં થયાથી હાલ પણ રત્નાના વંશનાં માણસો અસ્ત્રાથી હજામત કરાવતાં નથી એમ કહેવાય છે. રત્નાના જે વંશજો છે તેમાંના ઘાણેરાવમાં રહેનારા જાણવા લાયક છે. આવા બાર કુંટુંબો છે જેના માણસો ચૈત્ર વદિ ૧૦ ને દિવસે રાણપુરમાં ભરાતા મેળામાં કેશર તથા અત્તર લગાડવાનો, આરતી ઉતારવાનો અને નવી ધ્વજા ચઢાવવાનો હક્ક ધરાવે છે. આ હક્કનો અમલ એક પછી એક કુટુંબો કરે છે. અને તે એટલે સુધી કે જો કોઇ કુંટુંબમાં પુરૂષ ન હોય તો વિધવાઓ પણ બીજાં કુટુંબોનાં પુરૂષો પાસે પોતાના ખર્ચે આ હકક ચલાવે છે. વળી આશ્વિન શુદિ ૧૩ ને દિવસે પણ આવો બીજો ઉત્સવ થાય છે તે વખતે માત્ર ધ્વજા ચઢાવવામાં આવતી નથી.

હવે, એ દેવાલયમાં કોતરેલા લેખોમાં શું આવે છે તે આપણે જોઇએ આ લેખોમાં લાંબો તથા જરૂરનો લેખ એક ધોળા પથ્થર ઉપર કોતરેલો છે જેનું માપ ૧'૧" પહોળાઈ = ૩'૩" ઉંચાઈ છે. એ લેખ સંસ્કૃત ગદ્યમાં હોઈ ૪૭ લીટીનો છે. જમણી બાજુએ આવેલી મુખ્ય દેવકુલિકાના દ્વારની પાસે આવેલા એક સ્તંભમાં તે શિલા ગોઠવેલી છે. × × × આ લેખ ઘણી રીતે ઉપયોગી છે. કારણ કે તેમાં ઉદેપુર સંસ્થાનના વંશના મૂળ સ્થાપક બાપ્પાથી શરૂ કરીને વ્યવસ્થિત યાદી આપી છે. પણ વધારે જરૂરની બાબત એ છે કે તેમાં એ દેવાલય તથા તેના બાંધનાર વિષેની પણ હકીકત આવે છે પહેલીજ લીટીમાં, જે દેવને આ દેવાલય અર્પણ કર્યું છે તેમનું નામ આવે છે. તેમાં જિન યુગાદીશ્વર જેમને ચતુર્મુખ પણ કહેલા છે તેમને નમસ્કાર કરેલો છે. પહેલા તીર્થંકર ઋષભનાથનું બીજું નામ યુગાદીશ્વર છે અને 'ચતુર્મુખ' એ શબ્દ ઉપરથી જણાય છે કે તે દેવાલયમાં સ્થાપિત કરેલી મૂર્તિ ચાર મુખ વાળી છે. તેથી લૌકિક ભાષામાં તેને ઋષભનાથનું ચોમુખ દેવાલય કહે છે. ત્યાર પછીની ૨૯ લીટીઓમાં, જે રાજાના વખતમાં એ દેવાલય બંધાવ્યું હતું તેનાં વંશની હકીકત આવે છે. પણ અહીં એ બધી હકીકત જવા દો. જે રાજાના વખતમાં એ દેવાલય બંધાયું તે રાણો કુંભો હતો. બાકીની લીટોઓમાં કહેવામાં આવ્યું છે કે આ દેવાલયનો બાંધનાર ધરણાક હતો. તેને "પરમાર્હત" કહેલો છે, એટલે કે અર્હતોનો (તીર્થંકરોનો) મહાન્ ભકત. આ ઉપરથી જણાય છે કે તેનો ધર્મ જૈન હતો.



Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

વળી જાણવું જોઇએ કે તેને સં. એટલે કે સંઘપતિ ( સંઘ એટલે જૈન યાત્રાળુઓનો સમૂહ, તેને દોરનાર) કહ્યો છે. જૈન લોકોમાં એમ મનાય છે કે સંઘ * કાઢીને યાત્રાનાં સ્થળોએ ફરવું અને સઘળો ખર્ચ પોતાને માથે વેઠવો એ એક પુણ્યનું કામ છે અને પૈસાદાર ગ્રહસ્થોએ કાઢેલા ભારે સંઘોના ઘણા વર્ણનો જૈન ગ્રંથોમાંથી મળી આવે છે. તેથી એમ કહી શકાય કે ધરણાક માત્ર ધર્મથી જૈન હતો એમ નહિ પરંતુ તે ચુસ્ત જૈન હતો. વિશેષમાં કહ્યું છે કે તે પ્રાગ્વાટ વંશભૂષણ હતો એટલે કે તે પોરવાડ વાણીઆની જ્ઞાતિનો હતો. તેના કુટુંબ વિષે બીજી પણ હકીકત આપી છે. તેના દાદાનું નામ માંગણ અને બાપનું નામ કુરપાલ હતું. તેની માતું નામ કામલદે આપ્યું છે. તેના બાપ તથા દાદાને સંઘપતિ કહ્યા છે. આ ઉપરથી એમ જણાય છે કે ધરણાક પ્રથમ સંઘ કાઢનાર છે એમ નહિ પરંતુ તેના કુળમાં સંઘ કાઢવાનો રિવાજ હતો. ૩૨–૩૪ લીટીઓમાં કહેલું છે કે આ ધાર્મિક કાર્યમાં ગુણરાજ નામના બીજા જૈન ધનાઢ્યે તેને મદદ કરી છે. માત્ર સંઘ કાઢવામાં જેની પવિત્રતાની કીર્તિ છે એમ નહિ પરંતુ તેણે અજાહરી, પિંડરવાટક, અને સાલેર જેવા સ્થળોમાં નવા દેવાલયો બંધાવ્યાં છે તથા જુનાં દેવાલયો સમરાવ્યાં છે. લી. ૩૯–૪૦ માં એમ આવે છે કે રાણપુરમાં આ ચોમુખ દેવાલય બંધાવવામાં પણ તેના કુટુંબનાં બીજાં માણસોએ તેને મદદ કરી હતી. તેના મોટા ભાઇ તથા ભત્રીજાઓનાં નામો આપેલાં છે. તેના મોટા ભાઇનું નામ રત્ના છે તેની સ્ત્રી રત્નાદે હતી જેનાથી તેને ચાર પુત્રો થયા. લાખા, મના, સોના, અને સાલિગ. બીજાં નામો આપ્યાં છે તે ધરણાકના પુત્રોનાં છે. ધરણાકને પોતાની સ્ત્રી ધારલદેથી ઓછામાં ઓછા બે છોકરા થયા હતા તેમનાં નામો, જાજ્ઞા અને જાવડ. ત્યાર પછી રાણપુર નામ પડવાનું કારણ આવ્યું છે. લી. ૪૧–૪૨ માં સ્પષ્ટપણે કહ્યું છે કે રાણપુર નામ રાણા કુંભકર્ણના નામ ઉપરથી પડયું છે. આ દેવળ ગુહિલ રાજાના હુકમથી અહીં બાંધ્યું છે એમ લાગે છે. વિશેષમાં કહ્યું છે કે चतुर्मुखयुगादीश्वरविहार ( એટલે કે ઋષભનાથનું ચોમુખ દેવાલય ) ના નામથી તે ઓળખાતું હતું, પણ त्रैलोक्यदीपक ના નામથી પણ ઓળખાતું હતું. લી. ૪૬ માં એમ કહેવામાં આવ્યું છે કે સૂત્રધાર દેપાકે તે બાંધ્યું હતું.

* સંઘના વર્ણન માટે જુઓ પ્રોગ્રેસ રિપોર્ટ, આર્કીઓલૉજીકલ સર્વે, વેસ્ટર્ન સરકલ, ૧૯૦૭–૧૯૦૮, પા. ૫૫.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાંની પ્રચલિત વાતો તથા લેખોની હકીકતને જો આપણે સરખાવીએ તો માલુમ પડશે કે તે બંને મળે છે. લૌકિક વાતો પ્રમાણે બાંધનારાનાં નામો ધન્ના અને રત્ના છે. લેખમાં ધન્નાને બદલે ધરણાક આપ્યું છે અને રત્નાનું નામ એજ છે. લૌકિક વાતો પ્રમાણે ધન્ના રત્નાનો નાનો ભાઈ હતો અને લેખમાં પણ તેમજ છે. વાતો પ્રમાણે મૂળ તેઓ સિરોહીના નાન્દિઆના રહેવાસી હતા. લેખમાં આના વિષે કાંઈ ઉલ્લેખ છેજ નહિ, પરંતુ લેખમાં બીજી એક સૂચના આપી છે કે ધરણાએ ( ધન્નાએ ) અજાહરી, પિંડરવાટક, સાલેર વિગેરે સ્થળોએ દેવાલયોનો પુનરૂદ્ધાર કર્યો છે અજાહરી અને સાલેર એ નામો હાલ પણ એજ પ્રમાણે બોલાય છે અને હાલનું પિંડવાડા તેજ પિંડરવાટક હોવું જોઇએ. આ બધાં સ્થળો સિરોહી સ્ટેટમાં હોઈ નાન્દિઆની પાસેજ છે. તેથી કદાચ તેઓ નાન્દિઆના રહેવાસી હોઇ શકે. ત્યાંના લોકો કહે છે કે તેઓ પોરવાડ વાણીઆ હતા અને પોરવાડ એ પ્રાગ્વાટનું પ્રાકૃત રૂપ છે. લેખમાં પણ કહ્યું છે કે તેઓ પ્રાગ્વાટ જ્ઞાતિના હતા. લૌકિક વાતોમાં કહ્યા પ્રમાણે દેવાલયના પ્લાનો કરનાર દીપા હતો જે દેપાકનું ટુંકું રૂપ છે. માત્ર એકજ ભેદ પડે છે. લૌકિક વૃત્તાંત પ્રમાણે ધન્ના ને ફરજન હતું નહિ પણ લેખમાં તેના બે પુત્રો નામે જાજ્ઞા અને જાવડ કહ્યા છે. બાકી બીજી બધી રીતે આ બન્ને હકીકતો બરોબર મળી રહે છે.

આ દેવાલયની મુલાકાત લેનાર માત્ર એકજ યુરોપીયન ગૃહસ્થ છે જેમનું નામ સર જેમ્સ ફર્ગ્યુસન છે. આશ્ચર્યની વાત છે કે ટોડે (Tod) તેની મુલાકાત લીધી નહિ. તો પણ "એનાલ્સ એન્ડ એન્ટીકવીટીઝ ઓફ રાજસ્થાન" (Annals and Antiquities of Râjasthâna) નામના પોતાના પુસ્તકમાં કુંભારાણાના વર્ણનમાં તેમણે તેનો ટુંકો વૃત્તાંત આપ્યો છે. તે કહે છે કે " તેની પ્રતિભાના આ નમુનાઓ ઉપરાંત બે ધાર્મિક મકાનો રહેવા પામ્યાં છે એક આબુ ઉપરનું ' કુમ્ભો શામ ' જે ત્યાં બીજાં વધારે ઉપયોગી મકાનોને લીધે ઢંકાઈ ગયું છે પણ બીજે સ્થળે જાણવાલાયક થઇ પડત. બીજું જે ઘણુંજ મોટું છે. અને લાખો રૂપિઆની કિંમતનું છે અને જેનાં ખર્ચમાં કુંભાએ ૮૦૦૦૦ પાઉંડ આપ્યા છે, તે મેવાડની ઉંચી ભૂમિના પશ્ચિમ ઉતારથી જતા સાદરી ઘાટ (Sadripass) માં બાંધેલું છે અને તે ઋષભ દેવને અર્પણ કરેલું છે. તે ઘણા એકાંત સ્થાળમાં આવેલું છે તેથી જુલમમાંથી બચ્યું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હશે. હાલમાં જંગલી પશુઓજ ત્યાં રહે છે. "* આ વર્ણન પછી તેમણે નીચેની ટીપ મૂકી છે. " પોરવાડ જ્ઞાતિના જૈન ધર્મના રાણાના એક પ્રધાને આ દેવાલયનો પાયો ઇ. સ. ૧૪૩૮ માં નાંખ્યો. ફંડ ઉભું કરીને તે દેવાલય પૂરૂં કરવામાં આવ્યું. તેને ત્રણ માળ છે અને તેનો આધાર ૪૦ ફીટથી પણ ઉંચા પથ્થરના થાંભલાઓ ઉપર રહેલો છે. અંદરના ભાગમાં કાચના કડકાથી મીનાકારી કામ કરેલું છે. નીચેના દેવગૃહોમાં જૈન તીર્થંકરોની પ્રતિમાઓ મૂકેલી છે. તે વખતે હિંદી કારીગરી ઉતરતી સ્થિતિમાં હતી તેથી તેમાં બહુ સુંદરતા આપણે જોઇ શકીએ તેમ નથી પરંતુ તેના ઉપરથી ઉતરતી જતી કારીગરીનો ક્રમ આપણે કાઢી શકીએ. વળી આના ઉપરથી એમ પણ જણાય છે કે પહેલાંના મીનાકારીની રીત તે વખતે પણ હતી. મેં તે જોયું નહિ તેથી મને શોક થાય છે. "

આ પ્રમાણે ટૉડનો વૃત્તાંત જો કે ઘણે ભાગે ખરો છે, તો પણ તેમાં ખામીઓ છે. પ્રથમ તો તે દેવાલયનો બાંધનાર પોરવાડ જ્ઞાતિનો છે તે બરાબર છે; પરંતુ તે રાણા કુંભાનો પ્રધાન છે એ શા આધારે કહેલું છે? વળી ટૉડ કહે છે કે ' ફંડ ઉભું કરીને એ દેવાલય પૂરૂં કર્યું એનો અર્થ શો ? વલી તેમણે કહ્યું છે કે તે દેવાલય બાંધવાનો ખર્ચ દસ લાખ કરતાં વધુ થયો છે અને રાણાએ તેમાં ૮૦૦૦૦ પૌંડ આપ્યા છે; આ વિગત કયા આધારે લખી છે? ત્રીજી બાબત એ છે કે તે દેવાલય એકાંતમાં આવ્યું છે માટે મુસલમાનોના જુલમમાંથી બચ્યું છે એ કહેવું વ્યાજબી નથી. લોકોમાં એક એવી વાત ચાલે છે કે રાજપુતાના ઉપર જ્યારે ઔરંગઝેબે ચઢાઈ કરી ત્યારે તે આ દેવાલયમાં ચઢયો હતો અને મૂર્તિઓ ભાંગવાની શરૂઆત પણ કરી હતી અને હાલ પણ કેટલાંક ભાગેલાં 'પરિકરો ' તથા 'તોરણો' છે જે લોકોના કહેવા પ્રમાણે ઔરંગઝેબે ભાગ્યાં હતાં. પરંતુ જે રાત્રે એ ભાંગવાનું કાર્ય શરૂ થયું તેજ રાત્રે તે અને તેની બેગમ માંદાં પડયાં; બેગમે સ્વપ્નમાં રાત્રે ઋષભનાથ તીર્થંકરને જોયા અને તેમને કહેતા સાંભળ્યા કે " તું તારા ધણી પાસે આ અનિષ્ટ કાર્ય બંધ કરાવ અને બીજે દીવસે મારી પ્રતિમા પાસે આરતિ કરાવ" આ પ્રમાણે ઔરંગઝેબે કર્યું અને મૂર્તિઓની પૂજા કરી. પૂર્વના સભામંડપમાં આવેલા એક સ્તંભ ઉપર એક

* ટૉડનો " એનાલ્સ એન્ડ ઍન્ટીક્વીઝ ઑાફ રાજસ્થાન " પુ. ૧, પા. ૨૬૮ (પ્રકાશકઃ-લહીરી અને કુંપની, કલકત્તા, ૧૮૯૪ )



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેખના મથાળે એક આકૃતિ છે જે આ મુગલ બાદશાહની છે એમ લોકો કહે છે. આ આકૃતિએ પોતાના બે હસ્ત જોડેલા છે, જે તે વખતની તેની નમ્રસ્થિતિ જણાવે છે. જોકે ભાંગેલાં કોતરકામો ઉપરથી મુસલમાનોનો જુલમ જણાઈ આવે છે તોપણ ઔરંગઝેબ જેવો ચુસ્ત મુસલમાન હિંદુઓની મૂર્તિઓને નમે એ માન્ય કરવું સરલ નથી. આ બાબત સાથે જાણવું જોઇએ કે આ દેવાલયમાં ત્રણ નાની ઇદગા છે જેમાંની બે આગળના મોખરેજ બે બાજુએ છે અને ત્રીજી એક બીજા માળમાં છે. પરંતુ એમ પણ કહેવાય છે કે તેણે ભાંગવાનું કાર્ય શરૂ કર્યું તે વખતે એકજ રાતમાં આ ત્રણ ઇદગાહો એવી ઇચ્છાથી બાંધવામાં આવી છે કે જેથી વધારે નુકસાન થતું અટકે. ઔરંગઝેબ અહીં આવ્યો કે નહિ એ નક્કી નથી પરંતુ એટલું તો ચોકસ છે કે મુસલમાનોએ મકાનને ઇજા કરી છે અને એ વાત ભાંગેલા ' પરિકરો ' તથા તોરણો તથા દક્ષિણના સભામંડપના ઘુમ્મટો ઉપરથી જણાઈ આવે છે, અને આવી વધુ ઇજા થતી અટકાવવા માટે ઇદગાહ કરાવ્યા વિના છુટકો હતોજ નહિ તેથી તેમણે આ પ્રમાણે કર્યું હશે. અને રાજપુતાનામાં આ પ્રમાણે ઘણી વખત બનેલું છે. ત્રીજી વાત એ છે કે સ્તંભ ઉપરની આકૃતિ મુસલમાનનીજ છે એ નક્કી નથી, તે કદાચ ઉસમાપુરના બેમાંથી એક વાણીયાની હોય જેણે, નીચેના લેખમાં કહ્યા પ્રમાણે પૂર્વનો સભામંડપ સમરાવ્યો હતો.

ઉપર કહ્યા પ્રમાણે આ દેવાલય ચોમુખ દેવાલય છે. ચોમુખ એટલે ચાર આકૃતિઓ ચાર દિશાઓ તરફ મોં કરીને એક એકને પીઠ અડાડીને એક બેસણી ઉપર બેસાડેલી હોય તેનો સમૂહ. મંદિરમાં આ મોટી આકૃતિઓ હોવાને લીધે દરેકના મોં તરફ એક, એમ ચારે બાજુએ દ્વારો છે. આ પ્રતિમાઓ ધોળા પથ્થરની બનેલી છે અને તે એકજ તીર્થંકર ઋષભનાથની છે. ઉપરના માળમાં પણ આવું એક મંદિર છે જેમાં ચાર દ્વારથી જઇ શકાય છે. નીચેના મંદિરને, જેમ બીજાં જૈન દેવાલયોમાં હોય છે તેમ દરેક દ્વારની આગળ ગૂઢમંડપ નથી પરંતુ એક નાનો મુખમંડપ છે. વળી, દરેક બાજુએ જરા નિમ્ન ભૂમિ ઉપર એક એક સભામંડપ છે જેમાં જવા માટે 'નાળ' અગર સીડી છે. આ નાળની બહાર એક એક ઉઘાડી કમાન છે અને ઉંચે એક " નાળમંડપ " છે. આ ઉઘાડી કમાણોમાં સીડી મારફતે જઇ શકાય છે પણ આવી સીડીઓમાં પશ્ચિમની સીડીને વધારે પગથીયાં છે અને તેથી તે બાજુનું દ્વાર મુખ્ય ગણાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુખ્ય મંદિરના દરેક મુખમંડપની બાજુએ એક "માદર" અગર મોટું મંદિર છે, અને દરેક સભામંડપની સામે "ખુંટરા મન્દર" અગર નાનું મંદિર છે. આવું નામ આપવાનું કારણ એ છે કે સભામંડપોનાં મધ્ય બિંદુઓમાંથી દોરેલી લીટીઓથી બનેલા ખુણા અગર "નાસકો" ઉપર તે આવેલ છે. આ ચાર મંદિરોની આજુબાજુએ ચાર ઘુમ્મટોના સમૂહો છે જે લગભગ ૪૨૦ સ્તંભો ઉપર રહેલા છે. દરેક ચારના સમૂહની મધ્યના ઘુમ્મટો ત્રણ માળ ઉંચા છે અને એજ સમૂહના બીજા ઘુમ્મટોથી ઉંચા જાય છે. આવા મધ્યના ઘુમ્મટોમાંનો એક જે મુખ્યદ્વારની સામે છે તેને અંદર અને ઉપર એમ બેવડો ઘુમ્મટ છે જેનો આધાર ૧૬ સ્તંભો ઉપર રહેલો છે. મુખ્ય મંદિરની ચારે બાજુએ અનેક દેવકુલિકાઓ છે. જેમાં દરેકને પીરામીડના આકારનું છાપરૂં છે પણ આંતરો કરવા માટે ભીંત નથી. * તેમાં ૧૬ મા સૈકાના પૂર્વાર્ધમાં બનેલા લેખો છે જેમાં પાટણ, ખંભાત વિગેરે સ્થળોના જાત્રાળુઓ જેમાંના ઘણા ખરા ઓસવાળ છે તેમણે બંધાવેલી દેવકુલિકાઓ વિષેની હકીકત આવેલી છે.

રાણપુર દેવાલય નિહાળવાથી મગજ ઉપર જે અસર થાય તે સર જેમ્સ ફરગ્યુસને નીચે પ્રમાણે વર્ણવી છે:—

"આ સ્તંભોના વનનો અંદરનો ભાગ જોવાથી જે દેખાવ દૃષ્ટિગોચર થાય છે તે તેના એક મંડપના દૃશ્ય (વુડકટ નં. ૧૩૪) ઉપરથી જણાય છે; પરંતુ સ્તંભોની આવી ગોઠવણીથી અજવાળાના આડકતરા માર્ગને લીધે તથા અજવાળું આવવાનાં દ્વારોની રચનાને લીધે ગમે તેવા દૃશ્યમાં પણ એ ચિતાર બરાબર ઉતારી શકાય તેમ નથી. વળી, તીર્થંકરોની પ્રતિમાઓ વાળી દેવકુલિકાઓની સંખ્યા ઉપરથી પણ આશ્ચર્ય લાગે છે. મધ્યમાં આવેલાં બાર દેવ ગૃહો ઉપરાંત અંદરના ભાગની આજુ બાજુએ આવેલી ૮૬ દેવકુલિકાઓ છે અને તેમનાં મુખભાગો ઉપર કોતરકામ કાઢેલાં છે.

"રાણપુરના એ દેવાલયનો બાહ્ય દેખાવ વુડકટ નં. ૧૩૫ ઉપરથી જોઈ શકાય તેમ છે. આ દેવાલયનું ભોંયતળીયું ઉંચું હોવાને લીધે તથા મુખ્ય ઘુમ્મટોની વધારે ઉંચાઇને લીધે એક મહાન જૈન દેવાલયનો બરાબર દેખાવ

* "હીસ્ટરી ઑફ ઇંડીઅન ઍન્ડ ઇસ્ટર્ન આર્કીટેકચર" નામના પુસ્તકમાં ફરગ્યુસને પા. ૨૪૦ ઉપર આપેલો પ્લાન બરાબર નથી. અહીં આપેલો નકશો ખરો અને વિશ્વાસ રાખવા લાયક છે.

૨૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપે છે કારણ કે બીજાં જુનાં દેવાલયોમાં બાહ્ય ભાગ ઉપર કોતરકામનો અભાવ હોય છે ( જુઓ પ્લેટો (a) અને (b) ) આ દેવાલયમાં ઘણા અને નાના ભાગો પાડેલા છે તેથી શિલ્પવિદ્યાની ખરી શોભા તેમાં દેખાઈ આવે તેમ નથી; પરંતુ દરેક સ્તંભો એક એકથી જુદા છે તથા તે ઉત્તમ રીતે ગોઠવ્યા છે અને તેમના ઉપર ભિન્ન ભિન્ન ઉંચાઇના ઘુમ્મટો ગોઠવેલા છે:—આ બધા ઉપરથી મન ઉપર ઘણી સારી અસર થાય તેમ છે. ખરેખર, આવી **સારી અસર કરે એવું તથા સ્તંભોની સુંદર ગોઠવણી વિષે સૂચના કરે એવું હિંદુસ્તાનમાં બીજું એકપણ દેવાલય નથી.**

" ગોઠવણીની ઉત્તમતા ઉપરાંત બીજી જાણવા લાયક બાબત એ છે કે તેણે રોકેલી જગ્યા ૪૮૦૦૦ ચો. ફુ. એટલે કે મધ્યકાલીન યુરોપીય દેવળોના જેટલી છે અને કારીગરી તથા સુન્દરતામાં તો તેમના કરતાં ઘણી રીતે ચઢે તેમ છે." ૧

આ દેવાલયના બાહ્ય ભાગમાં બે જુદી જાતના પથ્થરો વાપર્યા છે. ભોંયતળીઆ માટે સેવાડી નામનો પથ્થર તથા ભીંતો માટે સોનાણા નામનો પથ્થર વાપર્યો છે અને પ્રતિમાઓ સિવાય અંદર સર્વ ઠેકાણે આ બીજી જાતનો પથ્થર વાપરેલો છે. શિખર ઈંટોનું બાંધેલું છે. જ્યારે હું ત્યાં હતો ત્યારે અંદરની બાજુએ પુનરૂદ્ધારનું કાર્ય ચાલતું હતું અને તે વખતે દર ગાડા દીઠ ૫ આના પ્રમાણે સોનાણા પથ્થર આણતા હતા. સોનાણાનો જાગીરદાર જે જાતે ચારણ હતો તેને આ બાબતની ખબર પડતાંજ પથ્થરનો ભાવ દર ગાડે રૂ. ૧-૪-૦ કરી દીધો; અને તેથી આનન્દજી કલ્યાણજીના એજન્ટને આ કામ કેટલાક વખત માટે પડતું મૂકવું પડ્યું.

આ ચોમુખ દેવાલયમાં બીજાં દશ્યો પણ ઓછાં નથી. મુખ્ય મંદિરના ઉત્તર-પશ્ચિમ તરફના " માદર "માં સંમેતશિખરનું એક કોતરકામ છે, અને તેની સામેના 'માદર'માં એક અધુરૂં મૂકેલું અષ્ટાપદનું કોતરકામ છે. આમાં પહેલાની બહાર જમણી બાજુએ એક શિલા છે જેના ઉપર ગિરનાર અને શત્રુંજયની ટેકરીઓ કાઢેલી છે. તેની ડાબી બાજુએ એટલે કે ઉત્તરના નાલમંડપમાં એક સહસ્રકૂટનું કોતર કામ આવેલું છે. ઉપર કહેલા બીજા માદરની બહાર નજીકમાં ૨૩ મા તીર્થંકર પાર્શ્વનાથનું વિચિત્ર કોતર કામવાળું બિંબ છે જેમાં તેમના મસ્તક ઉપર નાગની યુક્તિથી ગુંથેલી ફણાઓ છે. પણ એમ કહેવાય છે કે આ શિલા બીજે સ્થળેથી લાવવામાં આવેલી

૧ " History of Indian & Estern Architecture " pp 241-2.



Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

છે. એમ લાગે છે કે એ શિલા ત્રણ સ્થળેથી ભાંગેલી છે અને પાછળથી ચૂનાથી સાંધેલી છે. તેની નીચે સંવત્ ૧૯૦૩ ( ઈ. સ. ૧૮૪૬ ) નો એક નાનો લેખ છે અને તેમાં કેવલગચ્છના કક્કસૂરિનું નામ આવે છે. આ છેલ્લા કોતરકામ શિવાયનાં બીજાં બધાં કોતરકામો ઘણાં ઉપયોગી છે જેમને દરેકને માટે જુદું જુદું વર્ણન આપવાની જરૂર છે અને તે ભવિષ્યને માટે રાખું છું.

## ( લેખનું ભાષાંતર. )

યુગાદીશ્વર શ્રીચતુર્મુખ જિનને નમસ્કાર થાઓ. વિક્રમ સંવત્ના ૧૪૯૬ મા વર્ષે શ્રીમેદપાટના રાજાધિરાજ શ્રી બપ્પ, ૧; શ્રી ગુહિલ, ૨; ભોજ, ૩; શીલ, ૪; કાલભોજ, ૫; ભર્તૃભટ, ૬; સિંહ ૭; મહાયક, ૮; શ્રીખુમ્માણ, જેણે પોતાની, પોતાના પુત્રની તથા સ્ત્રીની સોનાથી તુલા કરાવી હતી, ૯; પ્રખ્યાત અલ્લટ, ૧૦; નરવાહન, ૧૧; શકિતકુમાર, ૧૨; શુચિવર્મન્, ૧૩; કીર્તિવર્મન્, ૧૪; યોગરાજ, ૧૫; વરટ, ૧૬; વંશપાલ, ૧૭; વૈરિસિંહ, ૧૮; વીરસિંહ, ૧૯; શ્રીઅરિસિંહ, ૨૦; ચોડસિંહ, ૨૧; વિક્રમસિંહ, ૨૨; રણસિંહ, ૨૩; ખેમસિંહ, ૨૪; સામંતસિંહ, ૨૫; કુમારસિંહ, ૨૬; મથનસિંહ, ૨૭; પદ્મસિંહ, ૨૮; જૈત્રસિંહ, ૨૯; તેજસ્વિસિંહ, ૩૦; સમરસિંહ, ૩૧; શ્રીભુવનસિંહ, બપ્પનો વંશજ અને શ્રીઅલ્લાવદ્દીન સુલ્તાન તથા ચાહુમાન રાજા શ્રીકીતૂક[1] નો જીતનાર ૩૨; ( તેનો ) પુત્ર શ્રીજયસિંહ, ૩૩; લક્ષ્મસિંહ, માલવાના રાજા ગોગાદેવ[2] નો જીતનાર, ૩૭; શ્રીખેતસિંહ, ૩૮; અતુલનીય, રાજા શ્રીલક્ષ, ૩૯; ( તેનો ) પુત્ર રાજા શ્રીમોકલ, જે સુવર્ણ તુલાદિ દાનપુણ્ય પરોપકારાદિ ગુણરૂપ કલ્પ વૃક્ષોને આશ્રય આપનાર નંદનવન જેવો હતો. ૪૦; તેના કુલકાનનમાં સિંહ સમાન રાણા શ્રીકુંભકર્ણ, ૪૧; જેણે સહેલાઇથી મહાન કિલ્લાઓ ( જેવા કે ) સારંગપુર, નાગપુર, ગાગરણ, નરાણક, અજયમેરૂ, મંડોર, મંડલકર, બુંદી, ખાટૂ, ચાટસૂ, જાના અને બીજા જીતીને[3]

---

૧. એ કીતૂ તે કદાચ સોનગરા માલવદેવનો પુત્ર અને વણવીરનો ભાઇ કીતૂ હશે જેને માટે વિ. સં. ૧૩૬૪ નો એક લેખ છે.

૨--તવારીખ ફરિશતાહમાં એમ કહેલું છે કે ગોગાદેવ (કોકદેવ)ને પણ અલ્લાઉદ્દીને જીત્યો હતો.

૩ આ કિલ્લાઓ નીચે પ્રમાણે ઓળખાવી શકાયઃ સારંગપુર તે સીંધીઆના તાબાના માળવાનું સારંગપુર; નાગપુર તે જોધપુર સ્ટેટના એજ નામના પ્રાંતનું મુખ્ય શહેર; ગાગરણ તે કોટા સ્ટેટનું ગાગ્રોન; નરાણક તે જોધપુરના રાજ્યનું નરાણા જે દાદુપંથીઓના ગુરૂનું સ્થાન; અજયમેરૂ તે અજમેર; મંડોર તે જોધપુરની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાનું પરાક્રમ દાખવ્યું હતું; જે ગજપતિની માફક, પોતાના, 'ભુજ' ( હાથ, સૂંઢ )ના બળથી ઉન્નત થયો હતો અને જેણે ઘણાં " ભદ્રો " ( શુભ ગુણો, એક જાતના હાથીઓ ) મેળવ્યા હતા; જેણે ગરૂડની માફક સર્પ જેવા ઘણા મ્લેચ્છ રાજાઓનો ઘાણ કાઢ્યો હતો, જેના ચરણ કમળને જુદા જુદા દેશના રાજાઓની મસ્તકાવલી વંદન કરતી હતી અને જે આ રાજાઓની વિપક્ષતાને પોતાના હસ્તદંડથી વિખેરી નાંખતો હતો; જે પતિવ્રતા લક્ષ્મી ( રાજ્યશ્રી, લક્ષ્મીદેવી ) સાથે ગોવિંદની માફક આનંદ કરતો હતો; જેનો પ્રભાવ જે દુર્નીતિની ઝાડીને નષ્ટ કરવામાં અગ્નિનું કામ કરતો હતો, તે પ્રસરવાથી પશુઓનાં ટોળાં, એટલે કે, વિપક્ષ રાજાઓ નાશી જતા હતા; જેનો " હિંદુ સુલતાન " એવો ઈલ્કાબ ગુર્જરત્રા અને દીલ્હીના સૂલ્તાનોએ આપેલા રાજ્યછત્રથી સૂચિત થયો હતો; (જે) સુવર્ણસત્રનો આગાર હતો; જે ષડદર્શનધર્મનો આધાર હતો; તેના ચતુરંગ લશ્કર રૂપી નદીનો તે સાગર હતો; જે કીર્તિ, ધર્મ, પ્રજાપાલન, સત્ત્વાદિ ગુણોવડે શ્રીરામ, યુધિષ્ઠર, આદિ રાજાઓનું અનુકરણ કરતો હતો;—આ મહારાજાના વિજયમાન રાજ્યમાં; પ્રાગ્વટ જ્ઞાતિના મુકુટમણિ સંઘપતિ માંગણના પુત્ર સંઘપતિ કુરપાલની સ્ત્રી કામલદેનો પુત્ર સંઘપતિ ધરણાક જે તેનો (રાજાનો) માનીતો હતો અને જે અર્હતોનો ચુસ્ત ભકત હતો;—જેનું શરીર વિનય, વિવેક, ધૈર્ય, ઔદાર્ય, શુભકર્મ, નિર્મલશીલ, આદિ અદ્ભુત ગુણ રૂપી જવાહીરથી ઝગઝગતું છે; જેણે શ્રીસુલતાન અહમ્મદનું ફરમાન લીધું હતું એવા સાધુ ગુણરાજ[1] સાથે આશ્ચર્યકારક દેવાલયોવાળા શ્રીશત્રુંજયાદિ યાત્રાનાં સ્થળોએ જેણે યાત્રા કરી હતી; અજાહરી, પિંડરવાટક, સાલેર[2] વિગેરે સ્થળોએ નવાં જૈન દેવાલયો ( બંધાવીને ) તથા જુનાં દેવાલયોનો જીર્ણોદ્ધાર કરીને, જૈનદેવોનાં પગલાંની

---

ઉત્તરમાં છ મૈલ દૂર આવેલું મંડોર; મંડલકર તે કદાચ મેવાડના મંડલગઢ પ્રાંતનું મુખ્ય શહેર; બૂંદી તે હાલનું બુંદી; ખાટૂ તે મેવાડના નાગપુર પ્રાંતનું ખાટૂ અગર તો જૈપુરના શેખાવાટીમાં આવેલું ખાટુ; ચાટસૂ એ જૈપુર સ્ટેટનું ચાટસૂ અગર ચાક્સુ જે જયપુર-સવાઇ-મધોપુર લાઈનનું સ્ટેશન છે. જાના ઓળખી શકાય તેમ નથી.

૧ ગુણરાજ, સુલતાન અહમ્મદ અને ફરમાન વિષે જનલ, બોમ્બે, બ્રાંo રોo એo સોo ના પુ. ૨૩, પા. ૪૨ માં " ચિતોરગઢ પ્રશસ્તિ " નામે મારો લેખ જુઓ.

૨ આ સ્થળો ઓળખવા માટે ઉપરની ટીકા જુઓ. વળી, પ્રોગ્રેસ રીપોર્ટ. વેસ્ટર્ન. સર્કલ, ૧૯૦૫-૬, પા. ૪૮-૪૯ જુઓ.



Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

સ્થાપના કરીને, દુષ્કાળના સમયમાં અન્નક્ષેત્રો માંડીને ઘણા પરોપકારો જેણે કર્યા તથા જૈન સંઘનો ઘણો સત્કાર કર્યો હતો. આવા અનેક સદ્ગુણો રૂપી બહુમૂલ્ય ક્રયાણાથી ભરેલું એવું જેનું જીવન રૂપી વાહન સંસાર સમુદ્રને તરવાને શકિતમાન થયું હતું; પોતાની સ્ત્રી ધારલદેથી ઉત્પન્ન થએલા પુત્રો સંઘપતિ જાજ્ઞા, સં. જાવડા વિગેરે તથા તેના (ધરણાકના) મોટાભાઈ રત્ના અને તેની સ્ત્રી રત્નાદે તથા તેમના પુત્રો લાખા, મજા, સોના, સાલિગ સાથે; રાણા શ્રીકુંભકર્ણે પોતાના નામ ઉપરથી થએલ રાણપુરમાં, પોતાના હુકમથી ત્રૈલોકયદીપક નામનું શ્રીયુગાદીશ્વર ઋષભનાથનું ચોમુખ દેવાલય બંધાવ્યું. સુવિહિતપુરન્દર ગચ્છાધિરાજ, પરમ ગુરૂ, શ્રીદેવસુંદરસૂરિ પટ્ટ પ્રભાકર, શ્રીબૃહત્તપાગચ્છના શ્રીસોમસુંદરસૂરિ જે શ્રીજગચ્ચન્દ્રસૂરિ અને શ્રીદેવેન્દ્રસૂરિના[1] વંશમાં હતા તેમણે પ્રતિષ્ટા કરી. આ દેવલય સૂત્રધાર દેપાકે બનાવ્યું છે. યાવચ્ચંદ્રદિવાકરૌ આ શ્રીચતુર્મુખ વિહાર રહો ! શુભં ભવતુ.

( ૩૦૮-૯ )

નં. ૩૦૮-૦૯ ના લેખોમાં જણાવ્યું છે કે-સંવત્ ૧૬૯૭ માં અમદાવાદની પાસે આવેલા ઉસમાપુરના રહેવાસી પ્રાગ્વાટજ્ઞાતિના સા. ખેતા અને નાયકે, જેમને અકબર બાદશાહે જગદ્ગુરૂનું વિરૂદ આપ્યું છે એવા શ્રીહીરવિજયસૂરિના સદુપદેશથી, રાણપુર નગરમાં, સં. ધરણાએ કરાવેલા ચતુર્મુખ વિહારમાંના પૂર્વદિશાવાળા દરવાજાના સમારકામ સારૂં ૪૮ સોના મહોરો આપી તથા તેજ દરવાજા પાસે મેઘનાદ નામનો એક મંડપ કરાવ્યો.

બાકીના લેખોમાં જણાવ્યું છે કે અમુક સાલમાં અમુક ગામના અમુક શ્રાવકોએ આ દેવકુલિકાઓ કરાવી છે. વિશેષ હકીકત નથી.

રાણપુરના આ મહાન્ મંદિરનું વિસ્તૃત વર્ણન ઉપર આપવામાં આવ્યું છે. આ મંદિરની પ્રતિષ્ઠા કરનાર સોમસુન્દરસૂરિના એક શિષ્ય નામે પંડિત પ્રતિષ્ઠાસોમે સંવત્ ૧૫૫૪ માં सोमसौभाग्य નામનું કાવ્ય બનાવ્યું છે. જેમાં ઉકત આચાર્યનું વિસ્તારથી જીવનચરિત્ર વર્ણવામાં આવ્યું છે. એ કાવ્યના ૯ મા સર્ગમાં ધરણાકે કરાવેલા એ મંદિરનો પણ

---

૧ આ જૈન ગુરૂઓની યાદી માટે જુઓ ઇંડી૦ એન્ટી૦ પુ. ૧૧, પા. ૨૫૪-૨૫૬.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થોડોક ઉલ્લેખ કરેલો છે. શ્રીયુત ડી. આર. ભાંડારકરે લખેલા ઉપરિલિખિત વર્ણનમાંની કશી પણ હકીકત જો કે એ કાવ્યમાં જોવામાં આવતી નથી, પરંતુ તેથી એ હકીકત અસત્ય છે એમ કાંઇ કહી શકાય નહિં. કારણ કે પ્રતિષ્ઠાસોમનો ઉદ્દેશ ધરણાકનું ચરિત વર્ણન કરવાનો નહતો. તેમણે તો પોતાના ગુરૂના ચરિત વર્ણન માટે એકાવ્ય બનાવ્યું છે તેથી તેમાં તો તેટલીજ હકીકત આવી શકે, જેનો સોમસુન્દરસૂરિ સાથે ખાસ સંબંધ હોય. કાવ્યોક્ત કથન આ પ્રમાણે છેઃ–

" ધરણ સંઘપતિના બહુ આગ્રહથી, વિચરતા થકા સોમસુંદરસૂરિ એક વખતે રાણપુર નગરમાં પધાર્યા. ત્યાં તેઓ ધરણ સેઠની બનાવેલી વિશાલ પૌષધશાલામાં ઉતર્યા જેમાં ૮૪ તો ઉત્તમ પ્રકારના કાષ્ડના સ્તંભો હતા અને જે અનેક પટ્ટશાલા ( વ્યાખ્યાનશાલા ) તથા અનેક ચોક અને ઓરડાઓથી સુશોભિત હતી.[૧] એક દિવસે સોમસુન્દરસૂરિએ વ્યાખ્યાનમાં જિનમંદિર અને જિનપ્રતિમા બનાવવાથી થતા સુકૃતનું વર્ણન કર્યું તે સાંભળી ધરણા સેઠે એક કૈલાશ ગિરિ જેવું ઉન્નત અને ઉજ્જવલ મંદિર બનાવવાની ઇચ્છા કરી. તેજ સમયે તેણે અનેક બુદ્ધિશાલી શિલ્પિઓ ( શલાટો ) ને બોલાવ્યા અને તેમની પાસે સિદ્ધપુરમાં આવેલા રાજવિહાર નામના શ્રેષ્ઠ મંદિર જેવું સજ્જનોની આંખને આનંદ આપનાર અનુપમ ચૈત્ય તૈયાર કરાવ્યું[૨] પ્રથમ ઘડેલા પાષાણોને યુક્તિપૂર્વક જડીને તેનો પીઠ બંધ બંધાવ્યો. પછી તેના ઉપર ત્રણ માળો ચણાવી મધ્યમાં અનેક ઉચ્ચ મંડપો

૧ चतुरधिकाशीतिमितैः स्तंभैरमितैः प्रकृष्टतरकाष्ठैः ।
निचिता च पट्टशालाचतुष्किकापवरकप्रवरा ॥
श्रीधरणनिर्मिता या पौषधशाला समस्त्यतिविशाला ।
तस्यां समवासार्षुः प्रहर्षतो गच्छनेतारः ॥

२–स तदेव सिद्धपुरराजविहाराख्यवरविहारस्य ।
सदृशं सुदृशां च दृशां सुधाञ्जनं चैत्यकृच्चैत्यम् ॥
मेधानिधानशिल्पिभिरमण्डयत्खण्डितांहसि प्रवरे ।
दिवसे दिवसेशमहा महामहैर्भुवनमहनीयः ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બનાવ્યાં. નાના પ્રકારની પુતળીઓ વિગેરેના સુંદર કોતરકામ વડે અલંકૃત થએલા અને જેમને જોઇને લોકોના ચિત્ત ચમત્કૃત થાય એવા તે મૂલમંદિરને ૪ બાજુ ૪ ચંદ્ર જેવા ઉજ્જવળ 'ભદ્રપ્રાસાદો' બનાવ્યાં. આવી રીતે તૈયાર થએલું તે મંદિર સાક્ષાત્ નંદીશ્વરતીર્થની સાથે સ્પર્દ્ધા કરતું હોય તેમ જણાતું હતું અને તેથી તેનું નામ 'ત્રિભુવનદીપક' આવું રાખવામાં આવ્યું. પછી તેમાં સૂર્યના બિંબ જેવાં તેજસ્વી એવા આદિનાથતીર્થંકરનાં ૪ બિંબોની સોમસુન્દરસૂરિના હાથે પવિત્ર પ્રતિષ્ઠા કરાવી.

દીન જનોના ઉદ્ધારક એવા ધરણાક શેઠે એ પ્રતિષ્ઠાના સમયે જે જે આશ્ચર્ય પમાડનારા મહોત્સવો કર્યા તે જોઇને કોણે વિસ્મયપૂર્વક મસ્તક નહિં ધુણાવ્યું ? એ મહોત્સવ પછી સોમદેવ વાચકને તેણે આચાર્યપદ અપાવ્યું અને તેના માટે પણ બહુ દ્રવ્ય વ્યય કરીને એક તેવો જ બીજો મહોત્સવ કર્યો."

મેહ નામના એક યતિએ સંવત્ ૧૪૯૯ ના કાર્તિક માસમાં રાણકપુરના એ મંદિરનું એક સ્તવન બનાવ્યું છે તેમાં પણ સંક્ષેપમાં આ કાવ્ય પ્રમાણે જ વર્ણન કરેલું છે. એ સ્તવનમાં ધરણા ( ધન્ના ) સેઠનું મૂળ વાસસ્થાન તરીકે રાણપુર જ જણાવ્યું છે, અને તેનું વર્ણન આ પ્રમાણે આપે છે—

હીયડઉ હરષઇં મઝ ઉલ્લસીઉં,
રાણિગપુર દીઠઈં મન વસિઉં,
અણુહલપુર[1] અહિનાણી.
ગઢમઢ મંદિર પોલ સુચંગે,
નિરમલ નીર વહઈ વચિ ગંગે,[2]
પાપ પખાલસુ અંગે.

૧ આમાં રાણકપુરને અણહિલપુર ( પાટણ )ની સાથે સરખાવ્યું છે તેથી જણાય છે કે એ સ્થાન મોટા નગર જેવું હશે. કોટીધજ વિવહારીઆના વસવાવાળો ઉલ્લેખ પણ એજ વાત સૂચવે છે.

૨ રાણકપુરની વચમાં એક નદી વહેતી હતી; તેઆજે પણ તેમજ વહે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રૂયા વાવિ વાડી હટ્ટસાલા,
જિણુહ ભવણુ દીસઇં દેવાલા,
પૂજ રચઇં તિહાં બાલા.
વરણ અઢારઈ લોક સવિચારી,
કોટીધજ વસઈ વિવહારી,
પુન્યવંત સુવિચારી.
તિહાં મુખિ સંઘવી ધરણઉ,
દાનિ પુણ્ય જગિ જસ વસ્તરણુ,
જિણુહ ભવણિ ઉધરણુઉ.

એ સ્તવનમાં આગળ જણાવે છે કે ધરણાકે ૫૦ મુખ્ય સલાટો બોલાવ્યા અને તેમને સુંદરમાં સુંદર મંદિર બાંધવા કહ્યું ત્યારે તેમણે સિદ્ધપુરના ચઉમુખા મંદિરના બહુ વખાણ કર્યા અને દેપાકે કહ્યું કે હું શાસ્વત મંદિરના જેવા પ્રમાણનું અનુપમ મંદિર બનાવી આપીશ. તે પ્રમાણે શેઠે દેપાને તે કાર્ય સોંપ્યું. સંવત્ ૧૯૪૫ માં મોટો દુષ્કાળ પડયો તે વખતે ધરણાને તેના ભત્રીજાએ કહ્યું કે—

રલીયાઈતિ લખપતિ ઇણિ ઘરિ,
કાકા હિવ કીજઈ જગડૂ પરિ,
જગડૂ કહીયઈ રાયાંસધાર,
આપણ પે દેસ્યાં લોક આધાર.

એટલે-આપણે ઘેર તો લક્ષ્મીની લીલા લ્હેર છે માટે હે કાકા હવે આપણે જગડૂશાહની માફક કરવું જોઇએ. જગડૂએ જ્યારે રાજાઓને આધાર આપ્યો હતો ત્યારે આપણે પ્રજાને આધાર આપીશું. એ પ્રમાણે ભત્રીજાના વચનથી શેઠે ખુલ્લા હાથે સત્રુકાર ( દાનશાળા=સદાવ્રત ) ખુલ્લુ મુકયું.

વળી એ સ્તવનમાં જણાવે છે કે-એ મંદિરના મુખ્ય દેવગૃહની પશ્ચિમ બાજુના દ્વાર આગળ હમેશાં ખેલો થતા હતા. ઉત્તર બાજુનાદ્વાર આગળ સંઘજનો બેસતા હતા. પૂરવ દિશા તરફ વિંધ્યાચલ પર્વતની ભીંત આવેલી હતી અને દક્ષિણ દિશામાં મ્હોટી પૌષધશાલા હતી-જેમાં તપાગચ્છ નાયક સોમસુંદરસૂરિ રહેતા હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી આગળ જણાવે છે કે–

ચ્યારઇ મહૂરત સામટાં એ લીધાં એકઈ વાર તુ,
પહિલઇ દેઉલ માંડીઉં એ બીજઈ સત્તૂકાર તુ;
પૌષધશાલા અતિ ભલી એ માંડીઅ દેઉલ પાસિ તુ,
ચતુથઉં મહૂરત ઘરતણુઉં એ મંડાવ્યા આવાસ તુ.

અર્થાત્–ધરણા સેઠે ચ્યાર કાર્યો એકજ મહૂર્તમાં પ્રારંભ્યાં હતાં. જેમાં પહેલું કાર્ય મંદિરવાળું, બીજું દાનશાળા ખુલ્લી મુકવાનું, ત્રીજું પૌષધશાળા બંધાવવાનું અને ચોથું પોતાના રહેવા માટે મહાલયો બંધાવવાનું હતું. મંદિરનું વર્ણન આ પ્રમાણે આપે છેઃ—

સેત્રુંજએ સિરિ ગિરનારો રાણિગપુર શ્રીધરણવિહારો,
વંધ્યાચલ અધિકું ફલ લીજઈ, સફલ જન્મ શ્રીચઉમુખ કીજઇ;
દેવચ્છંદ તિહાં અવધારિ, શાસત જિણવર જાણે ચ્યારિ,
વિહરમાણી બીઈ અવતારી, ચઉવીસ જિણવર મૂરતિ સારી,
તિહિ જિણબિંબ બાવનુ નિહાલુ, સયલ બિંબ બહુત્તરૂ જિણાલુ,
ફિરતી બિંબ નવિ જાણઉં પાર, તીરથ નંદિસર અવતાર.
વિવિધ રૂપ પૂતલીય અપાર, કોરણીએ અરબુદ અવતાર.
તોરણ થંભ પાર નવિ જાણું, એક જીભ કિમ કહીય વખાણઉં.